ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

શુક્રવાર ૮ નવેમ્બર, ૨૦૨૪

ભેળસેળિયા વેપારીઓ સામે ઝુંબેશ | ફૂડ વિભાગે ડભાણની 'ધવલ ડેરી'નું લાયસન્સ રદ કર્યું

ખેડા જિલ્લામાં ૬૧ પેઢીમાં દરોડા પાડી ૩૯ સેમ્પલ લેવાયા : ૯ પેઢીને નોટિસ ફટકારાઈ

૧૭ લીટર અખાદ્ય તેલનો સ્થળ પર જ નાશ કરાયો, જાણીતી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદ સહિત ખેડા જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મીઠાઈ તથા ફરસાણ મળી રહે તેવા હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખેડા જિલ્લાભરમાં કડક તપાસ ઝુંબેશ ચલાવવામાં આવી છે. ૨૮ ઓક્ટોબરથી ૪ નવેમ્બર દરમિયાન ચલાવાયેલી આ આઠ દિવસીય ખાસ ડ્રાઈવમાં ફૂડ સેફ્ટીની ટીમોએ નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં ૬૧ જેટલી પેઢીઓનું સઘન ચેકિંગ કરીને ૩૯ શંકાસ્પદ ખાદ્ય સામગ્રીના નમૂના લીધા છે. આ દરમિયાન ગંભીર બેદરકારી અને ક્ષતિઓ દાખવનાર ડભાણની 'ધવલ ડેરી'નું લાયસન્સ સસ્પેન્ડ કરીને રદ કરી દેવાતા મિલાવટખોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા યોજાયેલી આ ઝુંબેશમાં ફૂડ સેફ્ટી ઓફિસર અને 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ'ની ટીમોએ બજારમાં વેચાતા દૂધ, દૂધની વિવિધ બનાવટો, તૈયાર મીઠાઈઓ, નમકીન-ફરસાણ, ઘી, ખાદ્યતેલ તેમજ કાચા માલના જથ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. નડિયાદ મનપા વિસ્તાર સહિત સમગ્ર ખેડા જિલ્લાને સાંકળી લઈને ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા કુલ ૨૨ જેટલા ફોસકોરીસ ઈન્સ્પેકશન હાથ ધરાયા હતા.

નડિયાદ તહેવારો દરમિયાન તેલમાં ટીપીસી ની માત્રા નિયત મર્યાદા કરતા વધુ જણાતા ટીમે ઘટનાસ્થળે જ ૧૭ લિટર જેટલા અખાદ્ય તેલનો નાશ કર્યો હતો. આ ઉપરાંત, સ્વચ્છતા અને નિયમોના પાલનમાં ક્ષતિઓ દાખવનાર ૯ જેટલી વેપારી પેઢીઓને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે.

ફુડ વિભાગે ડભાણની ધવલ ડેરીનું લાયસન્સ સસ્પેન્ડ કરી દેવા ઉપરાંત વૃંદાવન ડેરી (જીઆઈડીસી, નડિયાદ), ગોકુલ ડેરી (નડિયાદ), સુખડીયા ગરબડદાસ બાપુજી એન્ડ સન્સ (નડિયાદ), શિવશક્તિ ડેરી (ડાકોર), લક્ષ્મી ચવાણા માર્ટ (કપડવંજ), ભવાની ગૃહ ઉદ્યોગ (કપડવંજ), જય અર્બુદા સીંગ ચણા સેન્ટર (જીઆઈડીસી, નડિયાદ), અર્બુદા ગૃહ ઉદ્યોગ (જીઆઈડીસી, નડિયાદ)ને નોટિસ ફટકારી છે.

નિસરાયા ગામને સોલાર વિલેજ બનાવવાનો આજથી પ્રારંભ થશે

ચાર મહિનામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું આયોજન



(પ્રતિનિધિ) આણંદ તા ૫

બોરસદ તાલુકાના નિસરાયા ગામને સંપૂર્ણ સોલાર વિલેજ બનાવવાની મહત્વાકાંક્ષી પહેલ હવે સાકાર થવા જઈ રહી છે. ગામના તમામ મકાનોની છત પર મહેન્દ્રભાઈ પટેલ ઉર્ફે મેકદાદાના આર્થિક સહયોગથી સોલાર પેનલ લગાવવાની કામગીરી તા ૬ નવેમ્બર શુક્રવારે ધનતેરસના શુભદિને શરૂ કરવામાં આવશે. અંદાજે ૧.૨૫ કરોડના ખર્ચે હાથ ધરાનારા આ પ્રોજેક્ટ થકી ગામના ૧૧૦૦થી વધુ પરિવારોને વીજળીના બિલમાંથી આજીવન મુક્તિ અપાવવાનો સંકલ્પ સાકાર થવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

તાજેતરમાં નિસરાયા ગામે ગ્રામજનોની બેઠક યોજાઈ હતી. જેમાં ગામના અગ્રણી વિજયસિંહ રાજ દ્વારા મેકદાદાના આર્થિક સહયોગથી ગામનાં મકાનો પર સોલાર પેનલ સ્થાપિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ધનતેરસના શુભદિને શરૂ થનારી આ કામગીરી આગામી ચાર મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ.૧.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

મહેમદાવાદમાં વિદેશી દારૂ સાથે મુંબઈનો શખ્સ ઝડપાયો

મુંબઈથી દારૂ લાવી સ્થાનિક ૪ બુટલેગરોને સપ્લાય કરે તે પહેલાં જ પોલીસે કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

મહેમદાવાદ પોલીસે ટાઉન બીટ વિસ્તારમાં રાધેકિશન બંગ્લોઝ પાછળથી મુંબઈના એક શખ્સને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી લીધો છે. પકડાયેલો શખ્સ મુંબઈથી દારૂ લાવીને મહેમદાવાદના સ્થાનિક ચાર બુટલેગરોને સપ્લાય કરવાનો હતો. પોલીસે ઘટનાસ્થળેથી દારૂની બોટલો, મોબાઈલ અને રોકડ મળીને કુલ ૩૬,૬૭૦નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલા શખ્સ તેમજ ફરાર ચાર બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

મહેમદાવાદ પોલીસ મથકના સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ૫ નવેમ્બરે મધ્યરાત્રિના સમયે રાધેકિશન બંગ્લોઝ પાછળ છાપો માર્યો હતો. સ્થળ પરથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલા શખ્સની બેગ અને ટ્રોલી બેગની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની કાચની તથા પ્લાસ્ટિકની બોટલો અને ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે પૂછપરછ કરતા પકડાયેલા આરોપીએ પોતાનું નામ બીરેન કૌશિક પુરોહિત (હાલ રહે. બોરીવલી ઈસ્ટ, મુંબઈ; મૂળ વતન પારસકુઈ, મહેમદાવાદ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આરોપી પાસેથી ૨૫,૫૦૦ની કિંમતની ૧૭ દારૂની બોટલ, ૧૦,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન અને ૧૭૦ રોકડા જપ્ત કર્યા છે. આ શખસની સઘન પૂછપરછમાં સામે આવ્યું હતું કે તે આ દારૂનો જથ્થો મહેમદાવાદના દર્શન ઉર્ફે ફીફા પટેલ, સિહુંજના સુનીલ પંચાલ, સિહુંજના સતીષ પટેલ અને મહેમદાવાદના સંજય ઓડને આપવા આવ્યો હતો. આ ચારેય બુટલેગરો દરોડા સમયે સ્થળ પર હાજર ન હોઈ ફરાર થઈ ગયા હતા.

સમગ્ર મામલે એએસઆઈ રાકેશ ભીખાભાઈની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે પકડાયેલા બીરેન પુરોહિત અને ફરાર ચાર બુટલેગરો સામે ગુનો દાખલ કર્યો છે. આ અંગે પોલીસે પકડાયેલા આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી ફરાર ચારેય આરોપીઓને ઝડપી પાડવા જુદી જુદી ટીમો બનાવી તપાસ ચાલુ કરી છે. તહેવાર ટાણે પોલીસે કડક હાથે કામ શરૂ કર્યું છે.

સ્ટાફ ક્વાર્ટર્સમાંથી ૧.૫૧ લાખના દાગીના ચોરાયાં

હોસ્પિટલની સામે જ આવેલા મકાનનું તાળું તોડી તિજોરીમાંથી દાગીના ચોરાયાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૫

મહીસાગર જિલ્લાના કડાણા ગામમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના સરકારી સ્ટાફ ક્વાર્ટર્સમાં ધોળા દિવસે ચોરીની ઘટના બનતા ભારે ચકચાર મચી ગઈ છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા મહિલા જુનિયર ફાર્માસિસ્ટના બંધ ક્વાર્ટર્સનું તાળું તોડી અજાણ્યા તસ્કરો તિજોરીમાંથી રૂ. ૧.૫૧ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરીને પલાયન થઈ ગયા છે.

કડાણા સીએચસીમાં છેલ્લા ૧૩ વર્ષથી જુનિયર ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા સ્નેહલબેન સચીનકુમાર રાઠવા (મૂળ રહે. ખેરકા, તા. ક્વાંટ) સરકારી ક્વાર્ટર્સમાં રહે છે. ગત ૦૪થી નવેમ્બરના રોજ સવારે ૯:૦૦ વાગ્યે તેઓ ક્વાર્ટર્સને તાળું મારી સામે જ આવેલી હોસ્પિટલમાં પોતાની ડ્યુટી પર ગયા હતા. બપોરે લંચ બ્રેકમાં તેઓ પરત ઘરે આવ્યા ત્યારે દરવાજાનું તાળું તૂટેલી હાલતમાં નીચે પડેલું હતું. ઘરમાં અંદર પ્રવેશતા જ રૂમમાં તિજોરી આડી પડેલી જોવા મળી હતી અને તેનું લોકર તોડેલું હતું. તિજોરીમાંથી કુલ ૧૩ નંગ સોના-ચાંદીના આભૂષણો કિંમત રૂ. ૧,૫૧,૦૦૦ની ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું.

આ ઉપરાંત તસ્કરોએ સામેના ક્વાર્ટર્સમાં રહેતા રશ્મિકાબેન માલીવાડના મકાનનું પણ તાળું તોડી અંદર સામાન વેરવિખેર કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર મામલે સ્નેહલબેન રાઠવાએ કડાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કડાણામાં પર સ્ત્રીના પ્રેમમાં પરિણીતાને ત્રાસ

અનૈતિક સંબંધનો વિરોધ કરતાં પતિએ મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મૂકી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૫

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના વાઘ ડુંગરી ગામે ૨૬ વર્ષીય પરિણીતાને પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધ બાબતે વિરોધ કરવા જતાં શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે પીડિતાએ મહિલા પોલીસ મથકે પતિ, સાસુ, જેઠ અને જેઠાણી વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, પદમાજીની મુવાળીના મૂળ વતની ૨૬ વર્ષીય મનીષાબેનના લગ્ન ૨૪ એપ્રિલ ૨૦૧૮ના રોજ વાઘ ડુંગરી ગામના કિરણકુમાર ભરતભાઈ માછી સાથે થયા હતા અને તેમને એક પુત્ર છે. આ લગ્નના એક વર્ષ બાદ પતિ કિરણકુમાર, સાસુ વસંતીબેન, જેઠ કપિલભાઈ તેમજ જેઠાણી ઉર્મિલાબેન ઘરકામ બાબતે અને નાની-નાની વાતોમાં અવારનવાર બોલાચાલી કરી મહેણાં-ટોણાં મારી ત્રાસ આપવા લાગ્યા હતા. પતિ કિરણકુમારને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો હોય, પત્નીએ તેનો વિરોધ કર્યો હતો. તેનાથી ઉશ્કેરાઈને પતિએ 'મારે બીજી સ્ત્રી સાથે લગ્ન કરવા છે, તું તારા બાપના ઘરે જતી રહે.' તેમ કહી ગાળો બોલી મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મૂકી હતી.

આ અંગે પરિણીતાના માતા-પિતાએ પંચો બોલાવી સમાધાન કરાવવાનો પ્રયત્ન કર્યો હતો, છતાં પતિએ છૂટાછેડા લેવાની જ જીદ પકડી રાખી પત્નીને તેડી જવાની ચોખ્ખી ના પાડી દીધી હતી.

આખરે ત્રાસથી કંટાળીને મનીષાબેને મહિલા પોલીસ મથકે પતિ કિરણકુમાર, સાસુ વસંતીબેન, જેઠ કપિલભાઈ અને જેઠાણી ઉર્મિલાબેન સામે ફરિયાદ આપતા પોલીસે તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





